PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/ક્વા–૦૧/૧૭–૧૮/ ૬૦૬૦ તા. ૨૭/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મકવાણા નાગજીભાઈ ઉર્ફે નગા શકરા,
ગામ: મોવાણ,
તા. કેશોદ
જી. જુનાગઢ

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૯/ક્વા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

Scan No. 01 / AJ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૯/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૪–૦૭–૧૭ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: મકવાણા નાગજીભાઈ ઉર્ફે નગા શકરા, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર શ્રી નગાભાઈ શકરાભાઈ મકવાણા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :કે.ડી.ચારોલ ( નાયબ ઈજનેર શ્રી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨ )

## : હુકમ :

### ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ના, જોડાણ મેળવવા માટે ના સ્થળ એટલેકે, ''અરજદાર ની સ્વતંત્ર માલીકી ના બોર '' વાળી જગ્યા માટે અગાઉ તેઓએ મુળ અરજી સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ જોડેલ હતા. આ અરજી હાલ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ છે. પીજીવીસીએલ તરફથી, તેમની માંગણી મુજબ ના, તેમના ખેતીવાડી સ્થળ પર ના અંગત માલીકી ના બોર નુ સર્વેક્ષણ ન કરતા – આ જમીન પર આવેલ અગાઉ નો જુનો બોર, જે સંયુકત માલીકી ના બોર હતો, અને હાલ ના તબ્બકે, જમીનનુ વિભાજન થતા આ બોર અન્ય વિભાજીત સર્વે નંબર પર અન્ય ના નામે થઈ ચુકેલ હોવા છતા, પીજીવીસીએલ ના અધિકારીઓએ, '' તેમના મુળ સર્વે નંબર મા આવેલ અને હાલ વિભાજીત કરાયેલ સર્વે નંબર મા રહેલ એવા, તેમની અંગત માલીકી નો બોર ની જમીનની બાજુમા જ આવેલ એવા અગાઉ ના સંયુકત માલીકી ના બોર પર'' સર્વેક્ષણ કરી અને જોડાણ આપવાની કાર્યવાહી અટકાવી દીધેલ છે. |
| ૧.૨ | ફરીયાદી અરજદાર ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને ખાસ ભારપૂર્વક જણાવે છે કે, તેમની મુળ નોધણીવાળી અરજી મા દર્શાવેલ સર્વે નંબર વિભાજીત થઈ ચુકેલ છે. અને, આ વિભાજન દરમ્યાન, આજ સર્વે નંબર ના પૈકી ૧ ભાગનો કબ્જો તેની પાસે સ્વતંત્ર રીતે છે. અને આ સ્વતંત્ર વિભાજીત થયેલ જમીન મા તેઓએ સ્વતંત્ર બોર બનાવેલ છે. જરૂર જણાયે, '' સદર સ્વતંત્ર માલીકી ની જમીન અને તેમા આવેલ સ્વતંત્ર બોર ''ને સમર્થન આપતા, મામલતદાર / પંચાયત ના દસ્તાવેજીક પેપર્સ પણ તેઓ પીજીવીસીએલ મા રજુ કરવા માટે તૈયાર છે. આ તમામ બાબતો ને નજરસમક્ષ રાખી અને, તેઓની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી સવાલવાળી નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે હાલ ના તબ્બકે ની તેમની સ્વતંત્ર માલીકી ની ખેતીવાડી ની જમીન પર આવેલ તેમના સ્વતંત્ર માલીકી ના બોર પર, જરૂર જણાયે, સ્થળ તબ્દીલી સાથે, મંજુર કરવા માટે – તેમજ આ બાબતે, ફરી એક વખત સ્થળ ખરાઈ કરી અને – '' તેમની માલીકી ની સ્વતંત્ર જમીન અને સ્વતંત્ર બોર '' ની યથાર્થતા નકકી કરી, અને તે મુજબ – પીજીવીસીએલ તરફથી કાર્યવાહી હાથ ધરવા '' તેમના આ સર્વે નંબર ની બાજુમા આવેલ અગાઉ ના સંયુકત માલીકી ના બોર પર'' ખરેખર હૈયાત નથી, પુરાય ગયેલ છે. તેમ છતા, સરકાર શ્રી ના ચોપડા પર બોર હૈયાત છે. તેઓને આ બોર પર જોડાણ જોઈતુ નથી. પરંતુ, ''અરજદાર ની સ્વતંત્ર માલીકી ના બોર ''પર જોડાણ મેળવવાનુ છે. પરંતુ, પીજીવીસીએલ દ્વારા આ મુજબ ની તેઓની વાસ્તવિક બાબતો ને ઘ્યાન મા લીધા વગર, જોડાણ આપવાની કાર્યવાહી અટકાવી દીધેલ છે. જેથી, સ્થળ પર ખરેખર વાસ્તવિક ખરાઈ કરી અને તેઓને જોડાણ આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની અગાઉ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ તરફથી, કરાયેલ સ્થળ સર્વેક્ષણ સમયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૪૨ પૈકી ૩ પૈકી ૧ મા આવેલ જોડાણ મેળવવા માટે ના બોર ની ચકાસણી કરતા – સદર '' બોર જે, કુલ ૦૪ ભાઈઓની સંયુકત માલીકી '' નો હોવા બાબતે ની વિગતો પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર અધિકારીને જણાયેલ હતી. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ના અન્ય ભાઈઓ (૧) શ્રી જમનાભાઈ શકરાભાઈ મકવાણા તથા (૨) શ્રી મનસુખભાઈ શકરાભાઈ મકવાણા ની '' સદર બોર – સંયુકત માલીકી નો હોવા '' બાબતે, ફરીયાદી અરજદાર શ્રી ને, '' સદર ભાગીદારી વાળા બોર પર જોડાણ ન આપવા બાબતે ની'' વાંધા અરજી પણ પીજીવીસીએલ મા રજુ થયેલ છે. |
| **૨.૨** | જેથી, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, '' મુળ અરજી વાળુ સ્થળ – એટલેકે મુળ સર્વે નંબર – કે જેમા મુળ અરજી મુજબ જોડાણ '' મેળવવા માટે ના અગાઉ – મુળ અરજી સાથે દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ છે. તે મુળ માંગણી મુજબ ના, મુળ સર્વે નંબર નુ વિભાજન થયેલ હોય તો, વિભાજીત થયેલ જે પૈકી મુજબ ની જમીન નો ભાગ, ફરીયાદી અરજદાર શ્રી ના ભાગે આવેલ હોય, અને આ વિભાજીત જમીન વાળા ભાગમા આવેલ બોર, જે ફરીયાદી અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી નો હોય – તેને સમર્થન આપતા – ફરીયાદી અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી ની જમીન તથા બોર દર્શાવતા અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ – જે મામલતદાર / પંચાયત કચેરી પાસેથી મેળવી અને કચેરી મા રજુ કરવા માટે ની જાણકારી, જે ફરીયાદી અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી અપાયેલ છે. |
| **૨.૩** | તદ ઉપરાંત, ફોરમ કમિટી ની તા.૧૪–૦૭–૧૭ નારોજ ની મીટીંગ મા, ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ ને અપાયેલ સુચના મુજબ, '' પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના સક્ષમ એવા કાર્યપાલક ઈજનેર શ્રી ની અંગત કક્ષાએથી – ફરીયાદી અરજદાર શ્રી ની મુળ માંગણી મુજબ નો મુળ સર્વે નંબર – અને જો મુળ સર્વે નંબર – જે હાલ ના તબ્બકે વિભાજીત થઈ અને – અરજદાર શ્રી ની અંગત માલીકી નો થયેલ હોય – જે વિભાજન મુજબ – વિભાજીત જમીન નો ભાગ, જે હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી હેઠળ આવેલ હોય, અને તેમા અરજદાર શ્રી એ સ્વતંત્ર માલીકી નો નવો બોર બનાવેલ હોય – તેમજ, અગાઉ ની મુળ અરજી વાળો, મુળ સર્વે નંબર નો અન્ય વિભાજીત ભાગ, જે અન્ય વારસદારો ના નામે થયેલ હોય – અને આ ભાગ મા અગાઉ નો સંયુકત માલીકી નો બોર પણ – અન્ય વારસદારો ને મળેલ વિભાજીત જમીન ના ભાગમા ગયેલ હોય '' તે મુજબ ની અદ્યતન સ્થિતી – જે, અરજદાર શ્રી, તેમના કોઈ ભાઈ શ્રી, સ્વતંત્ર નિષ્પક્ષ નાગરીક, તેમજ જરૂર જણાયે તલાટીમંત્રી શ્રી વગેરે ને સાથે રાખીને – સ્થળ સર્વેક્ષણ કરી અને – ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, તેમને ભાગે આવેલ ખરેખર સ્વતંત્ર માલીકી ની જમીન ની યર્થાથતા નકકી કરી – તેમજ, આ સ્વતંત્ર ભાગ મા આવેલ બોર ની પણ, અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી ની હોવા બાબતે ની યર્થાથતા નકકી કરી – તેમજ, સદર યથાર્થતા ને સમર્થન આપતા, અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ પણ, અરજદાર પાસેથી, ચોકકસ મુદત સમયમર્યાદા મા મેળવી અને તે મુજબ – જો અરજદાર શ્રી ની રજુઆત, નિયમાધીન યોગ્ય,વ્યાજબી અને યર્થાથ જણાશે તો, પીજીવીસીએલ તરફથી, સકારાત્મક અભિગમ સાથે, અરજદાર શ્રી ને નવુ જોડાણ આપવાની કાર્યવાહી , જે પીજીવીસીએલ તરફથી હાથ ધરી અને, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય, અત્રે તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે ખરેખર કઈ તારીખે નોંધાયેલ છે? તેમજ આ મુળ અરજી મા, અરજદારે ખરેખર કયા સર્વે નંબર મા જોડાણ મેળવવા માટે ની વિગત દર્શાવેલ છે? તેમજ, આ મુળ અરજી મા, દર્શાવેલ મુળ સર્વે નંબર મા આવેલ બોર ની, અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી ની / અન્ય વારસાઈ ભાગીદારો ની સંયુકત માલીકી ની ? સ્થિતી ની વિગત વાર છણાવટ કરી અને ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ નથી. તદ ઉપરાંત, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર અધિકારી તરફથી, સદર અરજી ના સર્વેક્ષણ સમયે – મુળ અરજીમા દર્શાવેલ મુળ સર્વે નંબર વિભાજીત થઈ, અને વિભાજન થયેલ જમીન અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી હેઠળ આવેલ હોય ? તેમજ, આ વિભાજીત થયેલ સર્વે નંબર મા, અરજદારે સ્વતંત્ર માલીકી નો નવો બોર બનાવેલ હોય ? અથવા તો મુળ સર્વે નંબર નો મુળ બોર અરજદાર શ્રી ની વિભાજીત થયેલ જમીન મા આવેલ હોય? અને અથવા વિભાજન થયા બાદ, સદર સંયુકત માલીકી નો બોર અન્ય ભાઈઓના ભાગે વિભાજીત થયેલ જમીન પર ગયેલ હોય? તે મુજબ ની તમામ બાબતો ને નજરસમક્ષ રાખીને સર્વેક્ષણ થયેલ નથી. |

| | |
|---|---|
| | એટલેકે, સદર કેઈસ મા, અસ્પષ્ટ સર્વેક્ષણ, તેમજ અસ્પષ્ટ વિગતો સાથે, ''માંગણી મુજબ નો બોર, અંગત માલીકી નો હોવા '' બાબતે નુ મુખ્ય કારણ ફોરમ સમક્ષ રજુ કરી અને તે મુજબ ફોરમ સમક્ષ, અપુરતો અને અસ્પષ્ટ અહેવાલ રજુ થયેલ છે. જેથી, ફોરમ કમિટી ની તા.૧૪–૦૭–૧૭ ની મીટીગ મા, પીજીવીસીએલ પક્ષકાર ને નીચેના મુદદે ખાસ આદેશ આપી અને ફરીયાદી અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી – જરૂર જણાયે – અદ્યતન સ્થિતી ના રેવન્યુ દાખલાઓ મેળવવા માટે ની – ૧૮૦ દિવસ ની મુદત આપી – અને એ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ – તેમની ફરીયાદ નુ નિરાકરણ કરવાનો આદેશ અપાયેલ છે. |
| <u>૩.૨</u> | આમ, ઉપરોકત મુદદા નં.૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, ફોરમ કમિટી તરફથી પીજીવીસીએલ ને અપાયેલ સુચના મુજબ – '' પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના સક્ષમ એવા કાર્યપાલક ઈજનેર શ્રી ની અંગત કક્ષાએથી – ફરીયાદી અરજદાર શ્રી ની મુળ માંગણી મુજબ નો મુળ સર્વે નંબર – અને જો મુળ સર્વે નંબર, કે જે હાલ ના તબ્બકે વિભાજીત થયેલ હોય તો, – સદર વિભાજન પછી, મુળ સર્વે નંબર નો ચોકકસ ભાગ, જે અરજદાર શ્રી ની અંગત માલીકી નો થયેલ હોયતો, – અને તે મુજબ, વિભાજીત જમીન ના ભાગ મા જો હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી એ સ્વતંત્ર માલીકી નો નવો બોર બનાવેલ હોય તો, – તે મુજબ ની સ્થિતી સ્પષ્ટતા કરી, તેમજ સાથે સાથે, જે અગાઉ ની મુળ અરજી વાળો – મુળ સર્વે નંબર નો અન્ય વિભાજીત ભાગ કે જે અન્ય વારસદારો ના નામે થયેલ હોય – અને આ વિભાજીત થયેલ એવા ભાગ મા, અરજદાર શ્રી ની મુળ માંગણીવાળી મુળ જમીન નો, અગાઉ નો સંયુકત માલીકી નો બોર પણ, અન્ય વારસદારો ને મળેલ વિભાજીત જમીન ના ભાગમા ગયેલ હોય તો '' તે મુજબ ની વાસ્તવિક એવી સ્થળ ખરાઈ ની સ્થિતી – જે, અરજદાર શ્રી, તેમના કોઈ ૧ / ૨ એવા ભાઈઓ શ્રી, સ્વતંત્ર નિષ્પક્ષ નાગરીક, તેમજ જરૂર જણાયે તલાટીમંત્રી શ્રી વગેરે ને સાથે રાખીને – સ્થળ સર્વેક્ષણ કરી અને, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ સ્થળ, કે જે હાલ ના તબ્બકે, તેઓ શ્રી ના ભાગે આવેલ ખરેખર સ્વતંત્ર માલીકી ની જમીન વાળુ હોવાની યર્થાથતા નકકી કરી – તેમજ, આ સ્વતંત્ર ભાગ મા આવેલ જમીન પર ના બોર ની માલીકી પણ – અરજદાર શ્રી ની સ્વતંત્ર માલીકી ની હોવા બાબતે ની, સ્થળ ચકાસણી મુજબ ની યર્થાથતા નકકી કરી – તેમજ, સદર યથાર્થતા ને સમર્થન આપતા, અદ્યતન સ્થિતી ના, પંચાયત / મામલતદાર કચેરી ના દસ્તાવેજીક પેપર્સ પણ, અરજદાર પાસેથી, ૧૮૦ દિવસ ની ચોકકસ મુદત સમયમર્યાદા મા મેળવવાની અરજદારશ્રી ને લેખીત જાણકારી આપી – અને તે મુજબ, એટલેકે સ્થળ ચકાસણી અને અદ્યતનસ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ મુજબ – જો અરજદાર શ્રી ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની માંગણી અન્વયે ની રજુઆત, જો નિયમાધીન યોગ્ય,વ્યાજબી અને યથાર્થ જણાશે તો, અદ્યતન સ્થિતી ની જાણકારી પ્રાપ્ત થયા પછી, વધુમા વધુ દિન–૩૦ મા, અરજદાર શ્રી ને, તેમની સદર અરજી ની મંજુરી અન્વયે નુ નિયત ભાવપત્રક, જે અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી આપી, અને તે મુજબ, પીજીવીસીએલ તરફથી, સકારાત્મક અભિગમ સાથે –. અરજદાર શ્રી ને નવુ જોડાણ આપવાની કાર્યવાહી – જે પીજીવીસીએલ તરફથી હાથ ધરી અને, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ – અને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર ને મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ, અને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc